Extra No. 198

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] FRIDAY, JULY 24, 2026 / SRAVANA 02, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં.LIB/જાહેરનામું/૨૧૮/૨૦૨૬ તા.૨૩/૦૨/૨૦૨૬

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

જાહેરનામા ક્રમાંક એમએજી (૧)/વશી/ ૧૦૮૯૧ થી ૧૦૮૯૫/૨૦૨૬ - તાજેતરમાં દેશની રાજધાની દિલ્હી ખાતે આંતકવાદીઓ દ્વારા એક કારમાં બોમ્બ બ્લાસ્ટ કરવામાં આવેલ જે વાહન જુનુ લીધેલ હોઈ જેના થકી રાજધાની દિલ્હી ખાતે ઘણા લોકોના મોત થયેલ અને લોકોની જાન માલને નુકશાન થયેલ હોઈ અને આવી રીતે જુના વાહનોની લે-વેચ કરતા ઈસમો પાસેથી આંતકવાદી પ્રવૃતિ સાથે સંકળાયેલા દેશ વિરોધી તત્વો દ્વારા જુના વાહનો ખરીદી તેમજ જુના વાહનોના સ્પેરપાર્ટસ ખરીદી બંધ પડેલ વાહનો ચાલુ કરી તેનો ઉપયોગ આતંકવાદ જેવી દેશ વિરોધી પ્રવૃતિઓ કરી લોકોના જાન માલને નુકશાન કરવા સારૂ ઉપયોગ થતો હોઈ તેમજ ગેરેજ સંચાલકો દ્વારા પણ જુના વાહનો અને જુના વાહનોના સ્પેરપાર્ટસનુ ખરીદ- વેચાણ થતુ હોઈ અને વાહનો મોડીફાઈડ કરી આપવામાં આવતા હોઈ જેથી આવા જુના વાહનોનો માલ સામાન કે જુના વાહનો જો આતંકી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો દ્વારા ખરીદવામાં આવે અને તેનો ઉપયોગ આતંકવાદ જેવી દેશ વિરોધી પ્રવૃતિઓમાં કરવામાં આવે તો દેશની આંતરીક સુરક્ષા માટે ખતરારૂપ હોઈ જેથી આવા સંજોગોમાં જાહેર જનતાની સુખાકારી અને સલામતી તથા સુરક્ષા વ્યવસ્થા માટે તકેદારીના પગલા લેવા અતિ આવશ્યક હોઈ જેથી સમગ્ર પાટણ જિલ્લામાં ભવિષ્યમાં આવી કોઈ દેશ વિરોધી કે આંતકવાદ જેવી પ્રવૃત્તિમાં આવા જુના વાહનોનો ઉપયોગ થાય કે જુના વાહનોના સ્પેસ્પાર્ટ મેળવી કોઈ જુના વાહનોને ફરીથી રીપેર કરી તેનો ઉપયોગ આતંકવાદ જેવી દેશ વિરોધી પ્રવૃતી કરવામાં આવે તો તેના મુળ સુધી પહોંચી શકાય તે સારૂ જિલ્લામાં જુના વાહનોની લે-વેચ કરતા તમામ ઈસમો તેમજ ઓટોકન્સલ્ટ ધારકો કોઈ જુનુ વાહન ટુ વ્હીલર/થ્રી વ્હીલર / ફોર વ્હીલર વાહન ખરીદે અથવા વાહન વેચે ત્યારે વાહનોની આર.સી.બુક ફરજીયાત મેળવવાની રહેશે તેમજ તમામ ટુ વ્હીલર/થ્રી વ્હીલર/ફોર વ્હીલરવાહનોની આર.સી બુકની નકલો તેમજ વાહન વેચવા આવાનાર તેમજ ખરીદવા આવનાર તમામ માણસોના આધારકાર્ડની નકલો મેળવવાની રહેશે. તેમજ નીચેના નમુનાના ફોર્મ મુજબની માહિતી ભરપાઈ કરી સંબંધીત પોલીસ સ્ટેશન ખાતે પુરી પાડે અથવા જાણ કરે તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપરોક્ત વિગતે પોલીસ અધિક્ષકશ્રી, પાટણ તરફથી રજૂ થયેલ અહેવાલની વિગતે ગુજરાતમાં આતંકવાદી હુમલાની સંભાવના અને ગુપ્તચર સંસ્થાઓ તરફથી અવારનવાર માહિતી અનુસંધાને તેમજ હાલની પ્રવર્તમાન પરિસ્થિતીને અનુલક્ષીને સમગ્ર પાટણ જીલ્લામાં આતંકવાદી બનાવો અટકાવવા જાહેર સલામતી તેમજ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર આવી બનતી ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવી અતિ આવશ્યક હોઈ તે માટે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવું વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું ડો. મહેુલ બરાસરા, (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે,

૧. પાટણ જીલ્લામાં કોઈ પણ ઈસમ / ગેરેજ સંચાલકો / ઓટોકન્સલ્ટના સંચાલકો જ્યારે જુના વાહનોના ખરીદ-વેચાણ કરે તો જે તે ગ્રાહકનું પુરેપુરૂ નામ સરનામું તથા આઈડી પ્રુફ ફરજીયાત મેળવવાનું રહેશે.

૨. પાટણ જીલ્લામાં જુના વાહનોના ખરીદ-વેચાણ કરતા ઈસમ/ ગેરેજ સંચાલકો/ ઓટોકન્સલ્ટના સંચાલકોએ આ અંગે જરૂરી માહિતી નીચે મુજબના અલગ-અલગ રજીસ્ટર નીભાવવાના રહેશે.

આ ઉપરાંત કોઈ પણ ઈસમ / ગેરેજ સંચાલકો / ઓટોકન્સલ્ટના સંચાલકો જ્યારે જુના વાહનો લેતા પહેલા વાહન વેચનારનું તથા જુના વાહન વેચતી વખતે વાહન ખરીદનારનું ઓળખ અંગેનું નામ સરનામું નોંધવુ ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના અલગ અલગ રજીસ્ટર નીભાવવાના રહેશે અને તેની જાણ સંબંધિત પોલીસ સ્ટેશને કરવાની રહેશે.

જુના વાહન ખરીદવામાં આવે ત્યારે નિભાવવાનુ રજીસ્ટર

અ.નં.	જુનુ વાહન વેચાણથી આપનારનુ	સરનામુ	મો.નં.	આધારકાર્ડ નંબર	વાહન નંબર	મોડલ/ પ્રકાર	એન્જી નંબર	ચેચીસ નંબર	તારીખ	RC બુક લીધેલ છે કે કેમ
૧										

જુના વાહન વેચાણ કરવામાં આવે ત્યારે નિભાવવાનુ રજીસ્ટર

અ.નં.	જુનુ વાહન ખરીદનારનુ નામ	સરનામુ	મો.નં.	આધારકાર્ડ નંબર	વાહન નંબર	મોડલ/ પ્રકાર	એન્જી નંબર	ચેચીસ નંબર	તારીખ	RC બુક લીધેલ છે કે કેમ
૧										

ગેરેજ સંચાલકો માટે જુના વાહનના સ્પેર પાર્ટસ ખરીદ/વેચાણ અંગેનુ રજીસ્ટર

અ.નં.	સ્પેર પાર્ટસ ખરીદનાર/વેચનારનુ નુ સરનામું	સરનામું	મો.નં	આધારકાર્ડ નંબર	સ્પેર પાર્ટસની વિગત	તારીખ
૧						

જુના વાહનનુ મોડીફીકેશન કરવામાં આવે ત્યારે નિભાવવાનુ રજીસ્ટર

અ.નં	વાહન માલીકનું નામ	સરનામું	મો.નં	આધારકાર્ડ નંબર	વાહન નંબર	મોડલ/ પ્રકાર	એન્જી નંબર	ચેચીસ નંબર	મોડીફીકેશનની વિગત
૧									

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું તા.૨૩/૦૭/૨૦૨૬ થી તા.૨૦/૦૯/૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી

શિક્ષા

આ હુકમના કોઈ પણ ખંડનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર શખ્સ ભારતીય ન્યાય સંહિતા- ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલિસ અધિકારીઓશ્રી આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૩મી જુલાઇ, ૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

ડો. મેહુલ બરાસરા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.08.13 15:39:36 IST